


# દિવ્યક્રાંતિ

Date: 20-02-2021




Owner: Jaydev K. Budhbhatti : +91 9723162036 • Editor: Kishan Budhbhatti: +91 7567683111 • RNI Reg. No. GUJGUJ/2013/56930 • www.divyakranti.com • info@divyakranti.com • facebook.com/divyakrantinews • Price: 3:00 • 97231 62036

# કાયદો 'જેહાદી'ને સજા કરશે પણ 'લવ પીડિતા' નું શું?

વાંચો ઓન-ધ-સ્પોટ, પાના (૩) પર
































# રાજકોટમાં બે ઢોંગી સરદારજીનો ભાંડાફોડ કરતું વિજ્ઞાન જાથા

## દિલ્હીનો સરદારજી ગુજરાતમાં ૧૫ વર્ષથી દોરા–ધાગા કરી છેતરપિંડી આચરતો




અનુસંધાન પાના (૩) પર

# મોરબીઃ સદભાવના હોસ્પિટલના સ્ટાફની ખુલ્લેઆમ ગુંડાગીરી

**કાયદો હાથમાં લઇ પોલીસ વિભાગને ખુલ્લી ચેલેન્જ અખબારના વિતરકોને બળજબરીપૂર્વક કેદ કરી દીધા**



મોરબીઃ થોડા સમય પહેલા સદભાવના હોસ્પિટલના ડોક્ટરો દ્વારા પ્રેસ-મીડિયાના મહિલાનું બેદરકારી દાખવી મૃત્યુ નિપજાવ્યું હતું, જેના સમાચારની વિગત દિવ્યક્રાંતિ અખબારમાં પ્રસિદ્ધ થયેલ હતી જે અખબારનું સમગ્ર મોરબી શહેરની તમામ સરકારી કચેરી, તમામ બજાર, શહેરની દરેક સોસાયટીમાં વિતરણ ચાલુ હતું તે સમયે અખબાર વિતરણ દરમિયાન વિતરકો દ્વારા સદભાવના હોસ્પિટલમાં અખબારની કોપી નાખવા જતા ત્યાંના ડોકટરોના ઈશારા પર સ્ટાફના માથાભારે લોકો દ્વારા બંને વિતરકો સાથે હાથ પકડી બળજબરીથી એક રૂમમાં કેદ કરી માનસિક ત્રાસ આપેલ હતો.

સમગ્ર ઘટનાની અખબારના માલિકને જાણ થતા. તુરંત મોરબી એ-

અનુસંધાન પાના (૩) પર

આ સમગ્ર ઘટનાનો વિડીયો માટે આ કોડ સ્કેન કરો

### ડોક્ટરની બેદરકારી પ્રત્યે આંખ આડા કાન

# મોરબીઃ સદભાવના ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓનું કાન ફાડી નાખે તેવું મૌન!!!

## બેફામ લૂંટ બાજી કરી નિર્દોષોને મોતને ઘાટ ઉતારવામાં ટ્રસ્ટીઓ સહમત છે ???

મોરબી ખાતે આવેલ સદભાવના ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલના ડોકટરોની બેદરકારી અને ગેરરીતિઓ થી સ્થાનિક તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના અસંખ્ય દર્દીઓ ભોગ બન્યા છે આ પ્રકારના ડોક્ટરો પ્રત્યે ભોગ બનેલા લોકો ફિટકાર વરસાવી રહ્યાછે ત્યારે આ ટ્રસ્ટના વગદાર ટ્રસ્ટીઓ અકળ કારણોસર મૌન ધરીને બેઠા છે, ડોક્ટરો પર કોઈ એક્શન લેવાયા નથી યા તો લેવા ઈચ્છતા નથી,

લોકો પૂછે છે આ કઈ પ્રકારની સમાજસેવા છે? આર્થિક નબળા વર્ગ પાસેથી બેફામ રૂપિયા પડાવી, સારવારમાં બેદરકારી રાખી દર્દીઓને સ્વધામ પહોંચાડવા એ ઘાતકીપણું નથી? સમાજસેવાના રૂપકડા નામથી ટ્રસ્ટ બનાવી પછી તેને બિઝનેસમાં ફેરવી દેવાથી પ્રજા સાથે ટ્રસ્ટની પ્રવૃતી વિશ્વાસઘાત સમાન લેખાય તેવું લોકોનું કહેવુછે,

**સત્યનો શંખનાદ**
**કિશનભાઇ બુધ્ધભટ્ટી**

૨૦૨૦, ના ઓગસ્ટની ૮, તારીખે મીડિયા કર્મીના મહિલાનું આ ટ્રસ્ટના ડોકટરો દ્વારા બેદરકારીથી મૃત્યુ નિપજાવ્યુ હતું, તેના તમામ પુરાવાઓ ટ્રસ્ટીઓને આપેલછે અને ટ્રસ્ટીઓ સારી રીતે જાણકારી ધરાવેછે છતાં પણ આજ સુધી આ ડોક્ટરો પર કોઈ પગલાં લેવાયાં નથી, ટ્રસ્ટીઓ જો પોતાની જાતને પ્રમાણિક અને નીતિવાન સમજતા હોય કે મજબુર દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હોય તો આ વાતનું કારણ જાહેર કરવું જોઈએ.

મૃતક મહિલાના મીડિયાકર્મી સ્વજનો મારફત હાઈકોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ તેના અનુસંધાને મોરબી અદાલતમાં કેસ રીફર થયેલ છે, પરંતુ આ દેશની બદનસીબી છે કે ન્યાય પ્રક્રિયા ઘણી ધીમી ચાલતી રહી છે,પરદાદા ને અન્યાય થયો હોય તો તેનો ન્યાયીક ચુકાદો કદાચ પરપૌત્રને મળે!

સંપૂર્ણ કેસનો વિડીયો, લેખીત તેમજ પ્રથમ દર્શનીય ગુનાના તમામ પુરાવા જવાબદાર તંત્રના જવાબદાર અધિકારીઓને મોકલેલ છે પરંતુ બેદરકાર ડોક્ટરોને પ્રાઈમ મિનિસ્ટર સમજી આજ સુધી કોઈ પગલાં લેવાયા નથી, મોરબીની આ ઘટના માનવતાને શર્મસાર કરનારી, સમસ્ત મેડિકલ ક્ષેત્રને કલંકિત કરનારીછે તેમજ અપરાધીઓને સાથ આપતા ટ્રસ્ટીઓ તંત્રવાહકો પ્રજામાં ખુલ્લા પડી ગયા હોય તેનો સચોટ પુરાવો છે.





www.divyakranti.com

દિવ્યક્રાંતિ



maha shivratri special

દિવ્યક્રાંતિનો આગામી અંક તા. ૧૧-૩-૨૦૨૧ ના રોજ મહાશિવરાત્રિના પ્રસિધ્ધ થશે

Book your Ad. Now >> Type "Advt" and Send on whatsapp : 9723162036




ભારતીય જનતા પાર્ટી

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ

મોરબી નગરપાલીકા ચૂટણી વોર્ડ.નં-૭ ના ભાજપના ઉમેદવારોને મત આપી વિકાસ યાત્રાના સહભાગી બનો.

મતદાન ક્રમાંક ૧



શ્રી આશીફભાઇ રહીમભાઇ ઘાંચી (ગુલ્ફીવાળા)

મતદાન ક્રમાંક ૨



શ્રી કલ્પેશભાઇ ભુપતભાઇ રવેશિયા

મતદાન ક્રમાંક ૬



શ્રીમતી સીમાબેન અશોકભાઇ સોલંકી

મતદાન ક્રમાંક ૮



શ્રીમતી હીનાબેન ભરતભાઇ મહેતા

| ક્રમ | ઉમેદવારનું નામ- નિશાન | | |
|---|---|---|---|
| ૧ | આશીફભાઇ રહીમભાઇ ઘાંચી | ● | |
| ૨ | કલ્પેશભાઇ ભુપતભાઇ રવેશિયા | ● | |
| ૩ | – | | |
| ૪ | – | | |
| ૫ | – | | |
| ૬ | સીમાબેન અશોકભાઇ સોલંકી | ● | |
| ૭ | – | | |
| ૮ | હીનાબેન ભરતભાઇ મહેતા | ● | |
| ૯ | – | | |
| ૧૦ | – | | |
| ૧૧ | – | | |
| ૧૨ | – | ● | રજીસ્ટર |

આપનો પવિત્ર અને કિમતી મત આપી જંગી બહુમતી થી વિજય બનાવશો.

મતદાન તારીખ ૨૮-૦૨-૨૦૨૧ ને રવિવાર સમય : સવારે ૭ .૦૦ થી સાંજના ૬ .૦૦ વાગ્યા સુધી

નોંધ : દરેક મતદાતા ૪ (ચાર) વ્યક્તિ ને મત આપી શકશે.

નોંધ : યાદ રાખો કે એક વ્યક્તિએ ચાર મત આપવાના છે.
દરેક મતદાતાએ ક્રમાંક નં. ૧, ૨, ૬, ૮, સામેનું વાદળી બટન દબાવવું.
ત્યારબાદ નીચેનું પીળુ બટન દબાવશો તો જ તમારો મત નોંધાશે.
(આપનો કિંમતી અને પવિત્ર મત ભાજપની પેનલને આપી ભવ્ય વિજયી બનાવો.)